# પૂ લાલચંદભાઈના પ્રવચનો

# પ્રવચન નં :- ૩૪, સમયસાર ગાથા ૩૨૦

# અધ્યાત્મ પ્રવચન રત્નત્રય, તા. ૧૨-૧૨-૮૭

શ્રી સમયસાર પરમાગમ શાસ્ત્ર તેનો સર્વવિશુદ્ધ જ્ઞાન અધિકાર ગાથા ૩૨૦ તેની તાત્પર્યવૃત્તિ (નામની ટીકા) શ્રી જયસેનાચાર્ય ભગવાને કરી છે. એક આત્મખ્યાતી નામની ટીકા અમૃતચંદ્રાચાર્ય ભગવાને કરી છે. અને આ અત્યારે આપણે સ્વાધ્યાય કરવાનો છે તે તાત્પર્યવૃતિ ટીકા જયસેનાચાર્ય ભગવાને બનાવી છે. તેનો ગુજરાતી અનુવાદ.

**જયમ નેત્ર, તેમ જ જ્ઞાન નથી કારક, નથી વેદક અરે!**

**જાણે જ કર્મોદય, નિર્જરા, બંધ તેમ જ મોક્ષને. ૩૨૦**

એ મૂળ ગાથા છે. કુંદકુંદાચાર્ય ભગવાન ૨૦૦૦ વર્ષ પહેલા થયા. તેમણે સમયસારની મૂળ ગાથાની રચના કરી છે. તેના ઉપર સંસ્કૃત ટીકા છે. તેનો ગુજરાતી અનુવાદ.

**તે જ અકર્તૃત્વ અભોકતૃત્વ ભાવને વિશેષપણે દ્રઢ કરે છે.** ૩૦૮ નંબરની ગાથાથી આ વાત ચાલી આવે છે અકર્તા ને અભોક્તાની. તે જ વાતને વિશેષપણે અહિયાં દ્રઢતા કરવા માટે ૩૨૦ ગાથા છે. દ્રષ્ટાંત:- **જેવી રીતે નેત્ર** એટલે ચક્ષુ **કર્તા દ્રશ્ય એવી અગ્નિરૂપ વસ્તુને,** નેત્ર છે એ કર્તા નથી પણ **દ્રશ્ય એવી અગ્નિરૂપ વસ્તુને, સંધુક્ષણ (સંધુકણ) કરનાર પુરુષની માફક,** નેત્ર તો દેખનાર છે. અને કર્તા અગ્નિને જલાવે છે કોઈ બીજો પુરુષ. કર્તા દ્રશ્ય એવી અગ્નિરૂપ વસ્તુને, સંધુક્ષણ એટલે સંધુકણ એટલે અગ્નિને પેટાવે - લાકડાને સળગાવે એ કરનાર પુરુષની માફક, **(પુરુષ)** કર્તા છે. (આંખ) એ **પુરુષની માફક, કરતું નથી.**

લાકડાને સળગાવનાર બીજો છે અને જાણનાર બીજો છે. જાણનાર ચક્ષુ છે, દેખનાર ચક્ષુ છે. કેવળમાત્ર તેને દેખે છે. અને કરનાર બીજો પુરુષ છે. દેખનાર બીજો પુરુષ છે. જેમ નેત્ર છે દેખનાર છે તે કર્તા **દ્રશ્ય એવી અગ્નિરૂપ વસ્તુને, સંધુક્ષણ કરનાર પુરુષની માફક,** લાકડાને સળગાવનાર **પુરુષની માફક, કરતું નથી.** નેત્ર કર્તા નથી બીજો પુરુષ કરે છે એમ બીજો પુરુષ પણ સળગાવે અને નેત્ર દેખનાર પણ એને સળગાવે એમ બનવા યોગ્ય નથી. અશક્ય છે. નેત્ર માત્ર દેખે છે કે બીજો પુરુષ આ લાકડાને સળગાવે છે. દૂર રહીને દ્રશ્ય પદાર્થને માત્ર દેખે. એવો જ આંખનો નેત્રનો સ્વભાવ છે. કરવાનો સ્વભાવ નથી. કર્તાને જાણે પણ પોતે કરે નહીં. કર્તાને દેખે પણ પોતે કરે નહીં. કર્તા છે ખરો બીજો, એને દેખે પણ પોતે કરવા માંડે નહીં. એ તો દૂર રહીને દ્રશ્યપદાર્થને દેખે એવો એનો સ્વભાવ છે. અને કરનાર નથી માત્ર દેખનાર છે. એ એક બોલ કહ્યો.

હવે બીજો કે ભોગવનાર નથી માત્ર દેખનાર છે. **તપેલા લોખંડના પિંડની માફક.** લોઢું છે તે અગ્નિમાં તપાવવામાં આવે છે ત્યારે તે ઉષ્ણ થઈ જાય છે. લોઢું પોતે એકદમ ગરમ થઈ જાય છે,

તેની માફક અનુભવરૂપે વેદતું નથી. લોઢું પોતે અગ્નિને વેદે છે પણ તેનો જે દેખનાર છે જુદો તે અગ્નિનો વેદક નથી, અગ્નિનો વેદનાર નથી. **અનુભવરૂપે વેદતું નથી**, કોણ? નેત્ર. ચક્ષુ, ચક્ષુ છે તે લોઢાને વેદતી નથી, લોઢાની ગરમીને લોઢું વેદે પણ પોતે ચક્ષુ તો તેને અનુભવરૂપે વેદતું નથી માત્ર દેખે છે.

જેમ કર્તા નથી ને દેખનાર છે એમ ભોગવનાર નથી માત્ર દેખનાર છે. એટલે કર્તા પણ નથી ચક્ષુ અને ભોક્તા પણ નથી. માત્ર જે કોઈ કરે છે એને ઈ દેખે છે, જાણે છે અને કોઈ ભોગવે છે બીજો એને પણ દેખે છે, જાણે છે દૂર રહીને. ચક્ષુ કોઈ કાળે કદી પણ દ્રશ્યપદાર્થને કરે અને ભોગવે એ બનતું નથી, અશક્ય છે. કોઈને એવો અનુભવ નથી કે આંખે કાંઈ કામ કર્યું. ચક્ષુએ કાંઈ કામ કર્યું એવો કોઈને અનુભવ ના હોય. દેખવાનો અનુભવ છે. દૂર રહીને દેખે પણ કરે નહીં. એ દ્રષ્ટાંત પૂરો થયો.

**તેવી રીતે શુદ્ધ જ્ઞાન પણ** એટલે જ્ઞાનમય શુદ્ધાત્મા પણ **અથવા અભેદથી શુદ્ધજ્ઞાનપરિણત જીવ પણ**, બે લીધું. એક ત્રિકાળી, અપરિણામી જ્ઞાનમય આત્મા એ કરતો વેદતો નથી એમ જે શુદ્ધાત્મા એને જાણનારું જ્ઞાન એનાથી અભેદ થઈને પરિણમે છે એવો **અભેદથી શુદ્ધજ્ઞાનપરિણત જીવ પણ**, એમ. પર્યાયથી અભેદ થઈને પરિણમે છે. પોતે પોતાને જાણવારૂપે પરિણામે છે ત્યારે **અભેદથી શુદ્ધજ્ઞાનપરિણત જીવ પણ** એટલે સાધક પણ, સમ્યકજ્ઞાની પણ, સમ્યકદ્રષ્ટિ પણ **પોતે શુદ્ધ-ઉપાદાનરૂપે કરતો નથી અને વેદતો નથી.** પોતે હંમેશા ત્રણેકાળ શુદ્ધ ઉપાદાનરૂપે છે આત્મા તેથી તેને પરને કરતો નથી અને વેદતો નથી. કર્મ ને નોકર્મ કે ભાવકર્મ કોઈ પરિણામને કે દ્રવ્યને તે કરતો નથી ને વેદતો નથી. કોણ? સાધકનો આત્મા કરતો નથી ને વેદતો નથી.

**શુદ્ધ જ્ઞાન પણ**, નિષ્ક્રિય પરમાત્મા પણ અને સક્રિય સાધક પણ, સક્રિય થયો સાધક પણ, અપરિણામી પણ અને પરિણામી પણ પોતે શુદ્ધઉપાદાનરૂપે કરતો નથી અને વેદતો નથી. રાગને કરે પણ નહીં અને રાગને વેદે પણ નહીં. દુઃખને વેદે નહીં અને દુઃખના કારણ રાગને કરે પણ નહીં. કરવું ને વેદવું તે આત્માના સ્વભાવમાં અભાવ છે. આત્મા જ્ઞાનમય છે. જાણનાર છે પણ કરનાર નથી. આ મેઇન જૈન દર્શનનો સિદ્ધાંત. આત્મા કેવળ જાણનાર છે પણ કરનાર નથી. જેમ ચક્ષુ આંખ નેત્ર જેમ દેખનાર છે પણ કરનાર નથી. એમ ભગવાનઆત્મા જ્ઞાનમય હોવાને કારણે કેવળ જાણે છે. પણ તે કરતો અને વેદતો નથી. ભોગવતો નથી. માત્ર જાણનાર છે. જાણનાર જાણે પણ કરે નહીં એવો આત્માનો જ્ઞાનમય સ્વભાવ છે. **પોતે શુદ્ધઉપાદાનરૂપે કરતો નથી અને વેદતો નથી. અથવા પાઠાંતર,**

મુમુક્ષુ :- શુદ્ધઉપાદાનરૂપે કરતો નથી એટલે?

ઉત્તર :- શુદ્ધઉપાદાન ક્ષણિક એટલે કે ત્રિકાળી ઉપાદાનરૂપે કરતો નથી અને જે શુદ્ધઉપાદાન પ્રગટ થયું એ પણ કરતું ને વેદતું નથી. એક ત્રિકાળી શુદ્ધઉપાદાન અને એક ક્ષણિક શુદ્ધઉપાદાન. ત્રિકાળીઉપાદાન તો નિષ્ક્રિય છે. એટલે તે રાગને કરતું-વેદતું નથી. હવે તે જ્ઞાયક સ્વભાવની સન્મુખ થઈને જે જ્ઞાન પ્રગટ થયું એવો સાધકઆત્મા સમ્યકદ્રષ્ટિ જીવ એ પણ તે રાગાદિ પુણ્ય-પાપને કરે અને વેદે (એવો) એનો સ્વભાવ નથી. શુદ્ધઉપાદાનરૂપે એટલેકે તે પોતે શુદ્ધઉપાદાનરૂપ છે તે

અશુદ્ધઉપાદાનને કરતો-વેદતો નથી. રાગ, દ્વેષ, પુણ્ય, પાપ, કર્મ, નોકર્મ ને કરતો-વેદતો નથી. કારણ કે પોતે શુદ્ધઉપાદાન છે. તે અશુદ્ધ પરિણામને કરે ને વેદે તે અશક્ય છે, એમ. ચાલે છે, છે.

**શુદ્ધઉપાદાનરૂપે કરતો નથી અને વેદતો નથી. અથવા ભાષાંતર. તેનું વ્યાખ્યાન. 'દીઠી સયં પી ણાણં' તેનું વ્યાખ્યાન:- માત્ર દ્રષ્ટિ જ નહીં પરંતુ ક્ષાયિક જ્ઞાન પણ નિશ્ચયથી કર્મોનું અકારક તેમ જ અવેદક પણ છે.** શું કહે છે? કે **માત્ર દ્રષ્ટિ જ નહીં** એટલે કે સમ્યગ્દર્શન જ નહીં. નેત્ર નહીં તેમ સમ્યગ્દર્શન પણ નહીં. **પરંતુ ક્ષાયિક જ્ઞાન પણ**, જુઓ!

હવે ક્ષાયિક જ્ઞાન કહ્યું તે પર્યાય થઈ ગઈ. શુદ્ધ પારિણામિકભાવ તો કરે-વેદે નહીં પણ ક્ષાયિકભાવ જે પ્રગટ થાય તે પણ ક્ષાયિક જ્ઞાન પણ નિશ્ચયથી કર્મોનો અકારક તેમ જ અવેદક પણ છે. તે ભાવકર્મ, દ્રવ્યકર્મ ને નોકર્મને કરતું નથી અને એના ફળને ક્ષાયિક જ્ઞાન વેદતું પણ નથી. કરતું નથી ને વેદતું નથી. ત્યારે શું કરે છે? માત્ર જાણે છે. ક્ષાયિક જ્ઞાન જેમ જાણનાર છે તેમ ક્ષયોપશમજ્ઞાન પણ જાણનાર છે. જો ક્ષાયિક જ્ઞાન કરતું-વેદતું નથી તો ક્ષયોપશમજ્ઞાન સાધકનું જ્ઞાન પણ સમ્યગ્જ્ઞાન પણ કેવળ જાણે છે પણ કરે ને વેદે (તેવો) તેનો સ્વભાવ નથી. ક્ષાયિક જ્ઞાન તો ઉત્કૃષ્ટ દ્રષ્ટાંત આપ્યું. એમ.

**તેવો હોતો થકો (શુદ્ધજ્ઞાનપરિણત જીવ)** જુઓ આવ્યું. **(શુદ્ધજ્ઞાનપરિણત જીવ) શું કરે છે?** જેની દ્રષ્ટિમાં જાણનાર આવ્યો તે જાણવારૂપે પરિણમે છે. જાણવારૂપે પરિણમવું તેનું નામ શુદ્ધઉપાદાન છે. જાણવારૂપે પરિણમે છે તે કરવારૂપે પરિણમતો નથી. જાણનાર જાણવારૂપે જ પરિણમે છે અને કદી પણ કરવારૂપે પરિણમતો નથી. કેવળ જાણનાર છે.

ત્રિકાળીદ્રવ્ય એ તો નિષ્ક્રિય છે. એ તો કર્મને કરતું નથી ને વેદતું નથી એ તો સમજાય પણ શુદ્ધજ્ઞાનપરિણત જીવ એટલે શુદ્ધજ્ઞાની, સમ્યગ્જ્ઞાની જેને પોતાના શુદ્ધાત્માનો અનુભવ થઈ ગયો છે એવો સમ્યગ્દ્રષ્ટિ જીવ શુદ્ધજ્ઞાનપરિણત જીવ થયો (તે) જાણવારૂપે પરિણમે છે. પણ હવે તે કરવા ને વેદવારૂપે પરિણમતો નથી. કર્મને કરતો પણ નથી અને કર્મને વેદતો પણ નથી. એમ શુદ્ધજ્ઞાનપરિણત જીવ પોતે શુદ્ધઉપાદાન સમ્યગ્જ્ઞાન થયું. સમ્યગ્જ્ઞાની એટલે શુદ્ધ ઉપાદાન. એ કેવળ જાણે છે પણ કરતો વેદતો નથી. જાણે છે તે કરે નહીં અને કરે તે જાણે નહીં. એ. જાણવારૂપે પરિણમે છે તે કદી પણ કરવારૂપે પરિણમતો નથી. અને જે કરવારૂપે પરિણમે છે તે જાણતો નથી. જાણે છે તે શુદ્ધઉપાદાન છે.

જેમાં માત્ર જ્ઞાતાપણું પ્રગટ થયું. માત્ર જ્ઞાતા છે તે શુદ્ધઉપાદાન છે. અને જેની કર્તાબુદ્ધિ છે તે અશુદ્ધઉપાદાન છે. રાગને હું કરું છું એવી જે માન્યતા કરે છે તેને અશુદ્ધઉપાદાન કહેવાય અને રાગને હું કરતો નથી માત્ર જાણું છું તે જાણવારૂપે પરિણમે તેને શુદ્ધઉપાદાન કહેવાય. અશુદ્ધઉપાદાન નથી. તે ત્રિકાળીઉપાદાન એક અને ક્ષણિકઉપાદાનના બે ભેદ. એક ક્ષણિક શુદ્ધઉપાદાન અને એક ક્ષણિક અશુદ્ધઉપાદાન. ક્ષણિક અશુદ્ધઉપાદાન કોને કહેવાય કે જેની બુદ્ધિ માં મિથ્યાબુદ્ધિ થઈ ગઈ છે કે રાગને હું કરું છું, તેના દુ:ખને ભોગવું છું તેને ક્ષણિક અશુદ્ધઉપાદાન કહેવામાં આવે છે. તે અજ્ઞાની છે. જે રાગને કરે અને ભોગવે છે તેવી માન્યતાવાળો તેને અજ્ઞાનીને ક્ષણિક અશુદ્ધઉપાદાન કહેવામાં આવે

છે. તે ક્ષણિક અશુદ્ધઉપાદાન કરે ને ભોગવે છે. પણ એનો ભગવાન જે આત્મા ત્રિકાળી ઉપાદાન શુદ્ધ છે તે કરતો અને ભોગવતો નથી.

અજ્ઞાનીનો આત્મા તે પરિણામને કરતો ભોગવતો નથી પણ પરિણામ પરિણામને કરે છે અને પરિણામ પરિણામને ભોગવે છે. પરિણામ પર્યાય પરિણામ પોતાનું પરિણામ જે થયું બહિરલક્ષી તેમાં રાગ થયો તે પરિણામ પરિણામને કરે છે રાગને અને તે પરિણામ રાગના ફળને દુઃખને તે સમયે ભોગવે છે. આગળ પાછળ નથી. જે સમયે રાગનું કર્તૃત્વ તે સમયે ભોકતૃત્વ. તે ભોગવાય ગયું છૂટી જાય છે. બીજા સમયે બીજો રાગ, ત્રીજા સમયે ત્રીજો રાગ. એવું કરવું અને વેદવું એવી મિથ્યાબુદ્ધિ જેને થઈ છે તેવા અજ્ઞાની જીવના પરિણામને ક્ષણિક અશુદ્ધ ઉપાદાન કહેવામાં આવે છે. પણ તે આસ્ત્રવતત્ત્વથી ભિન્ન શુદ્ધઉપાદાન જ્ઞાયક છે તે વખતે પણ તેને કરતો અને વેદતો નથી. જે વખતે મિથ્યાદ્રષ્ટિ રાગને હું કરૂં તેવી બુદ્ધિ છે તે વખતે મિથ્યાત્વના પરિણામથી ભિન્ન જ્ઞાયકતત્ત્વ છે તે તેને કરતું અને વેદતું નથી. શુદ્ધઉપાદાન, ત્રિકાળી-શુદ્ધઉપાદાન ક્ષણિક-અશુદ્ધઉપાદાનને કરતું અને વેદતું નથી. પરિણામને કરતોય નથી અને પરિણામને વેદતો નથી, એવો સ્વભાવ ત્રિકાળ રહેલો છે. જેને એવી દ્રષ્ટિ થઈ હવે, કે હું કરનાર અને વેદનાર નથી જાણનાર છું એમ જે જ્ઞાયકની દ્રષ્ટિમાં ગયો તો શુદ્ધજ્ઞાનપરિણત જીવ થયો. તો એક નવું ક્ષણિક-શુદ્ધઉપાદાન પ્રગટ થયું.

તે ક્ષણિક-શુદ્ધઉપાદાનમાં કેવળ જાણવું જ્ઞાતાપણું પ્રગટ થયું. અકર્તાપણું પ્રગટ થઈ ગયું. તે અકર્તાપણું પ્રગટ થયું તે જ્ઞાતા થયો. તે જ્ઞાતા થયો તે પણ હવે ક્ષણિક-અશુદ્ધઉપાદાનને કરતું વેદતું નથી. ત્રિકાળી ઉપાદાન તો કરતું વેદતું નથી. પણ ક્ષણિક-શુદ્ધઉપાદાન પ્રગટ થયું, સમ્યક્જ્ઞાન પ્રગટ થયું તે પણ રાગને કરે અને વેદે (તેવો) તેનો સ્વભાવ નથી. રાગ થાય તેને જાણે ખરો પણ કરે નહીં.

જ્ઞાની જ્ઞાનીની દશામાં રાગ થઈ આવે ખરો પણ રાગને હું કરૂં છું તેવી મિથ્યાબુદ્ધિ થતી નથી. એટલે એક ત્રિકાળીઉપાદાન, ત્રિકાળીઉપાદાન તો કર્તા ભોક્તા છે જ નહીં. પણ ક્ષણિક ઉપાદાનના બે ભેદ, એક ક્ષણિક ઉપાદાનમાં શુદ્ધઉપાદાન પ્રગટ થયું તેમાં પણ કરવું વેદવું નથી. ત્રિકાળીઉપાદાનમાં કરવું વેદવું નથી અને ક્ષણિક શુદ્ધઉપાદાન તેની જાતનું પ્રગટ થયું. જ્ઞાયકની જાતનું જ્ઞાન પ્રગટ થયું તેમાં પણ અકારક અને અવેદક આવ્યું. જે ત્રિકાળીદ્રવ્યમાં હતું તે પર્યાયમાં પ્રગટ થયું. ત્રિકાળીદ્રવ્ય અકારક અને અવેદક તેમ ત્રિકાળીદ્રવ્યને અવલંબે સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું તે સમ્યગ્જ્ઞાન પણ જાણે છે. પણ સમ્યગ્જ્ઞાન કરતું વેદતું નથી. જેમ ક્ષાયિક કેવળજ્ઞાન કરતું વેદતું નથી, પર્યાય. પર્યાયની વાત છે. ત્રિકાળીદ્રવ્ય તો કરતા વેદતા નથી. પણ જ્ઞાનની જે ક્ષણિક પર્યાય પ્રગટ થઈ શ્રુતજ્ઞાનની, તે શ્રુતજ્ઞાનની પર્યાય પણ કરવું વેદવું સ્વભાવમાં નથી. કેવળ જાણે છે. જેમ કેવળી જાણે છે તેમ શ્રુતજ્ઞાની જાણે છે. આહાહા!

પર્યાયમાં પણ જાણવું પ્રગટ થયું. પર્યાયમાં કર્તાબુદ્ધિ છૂટી ગઈ. સાક્ષાત અકર્તા થયો એટલે પર્યાયમાં જ્ઞાતા થયો, તે પર્યાયમાં પણ જાણવું પ્રગટ થાય છે. જેમ જ્ઞાયકમાં જાણવાનો પિંડ હતો તેમ સામાન્યમાં જાણવાનું સામર્થ્ય હતું તે વિશેષમાં પણ જાણવાનું સામર્થ્ય આવ્યું. કરવાનું સામર્થ્ય નથી. કરવું એ તો વસ્તુના સ્વભાવમાં જ નથી. એટલે તેના આશ્રયે જે જ્ઞાન પ્રગટ થયું તેમાં પણ

જાણવું આવે છે પણ હું રાગને કરું છું તેવી મિથ્યાબુદ્ધિ જ્ઞાનીને થતી નથી. જાણનાર છે, થાય શરીરની ક્રિયા, મનની ક્રિયા, બહારની ક્રિયા બધી થાય તેને જાણે. અંદરમાં થોડોક પરાશ્રયે શુભાશુભભાવ થાય નીચલી ભૂમિકામાં, (તેને) જાણે. અશુભભાવ આવે પાપનો ખાવું, પીવું, કમાવું, રળવું પાપના પરિણામ આવે તેને જાણે, કરે નહીં. અને જાત્રાનો ભાવ આવે, દેવ, ગુરુ, શાસ્ત્રની ભક્તિનો ભાવ આવે. શાસ્ત્ર સ્વાધ્યાયનો શુભભાવ આવે. જાણે પણ કરે નહીં. કેમકે જ્ઞાનમાં કરવું નથી. આ જ્ઞાન પોતે અકારક છે. જ્ઞાયક તો અકારક છે પણ જ્ઞાન પણ અકારક છે. જ્ઞાનની પર્યાય અકારક, જ્ઞાનપર્યાય પરિણત જીવ અકારક અને ત્રિકાળી જીવ પણ અકારક. જાણવું, જાણવું, જાણવું, જાણવું. દ્રવ્યમાં જાણવું, ગુણમાં જાણવું અને પર્યાયમાં પણ જાણવું પ્રગટ થાય છે. જાણનાર જાણવાપણે પરિણમે છે. જ્ઞાની જાણવારૂપે પરિણામે છે પણ કરવારૂપે પરિણમતો નથી. તેને જ્ઞાની ધર્માત્મા કહેવામાં આવે છે. આહાહા!

હવે કરતો વેદતો નથી તો કરે છે શું? ચોવીસે કલાક. એવો હોતો થકો શું કરે છે? જાણે છે, બસ. જાણે છે એટલું લીધું. જુઓ લખ્યું છે નીચે. જાણે છે. છે ને? '**જાણદી યહ બંધમોખમ**' જાણે છે. કોને? કે બંધ-મોક્ષને. બંધને પણ જાણે અને મોક્ષને પણ જાણે. થોડો અસ્થિરતાનો ભાવબંધ થાય તેને જાણે અને મોક્ષને પણ જાણે. બંધના કારણને જાણે અને મોક્ષના કારણને પણ જાણે. અને કર્મનો બંધ થાય થોડો તેને પણ જાણે કર્મ છૂટે તેને પણ જાણે. જાણે જાણે ને જાણે. આધિ મધ્ય અંતમાં જ્યારે જ્ઞાયક ઉપર દ્રષ્ટિ થઈ અને સમ્યકજ્ઞાની થયો. જાણનારને જાણ્યો તો જાણનારને જાણ્યો જેણે તે જાણનારને જાણતા જાણતા જાણવાપણે પરિણમી જાય છે. કરવાનું બિલકુલ તેને બિલકુલ તેમાં અભિપ્રાય આવતો નથી. કરવાનો વિકલ્પ ઉઠે છે તે વિકલ્પનો પણ કરનાર નથી. સાધક થયા પછી કોઈ કર્યા કરવાનો વિકલ્પ ઉઠે. પૂજા કરવાનો, શાસ્ત્ર સ્વાધ્યાયનો, કોઈ નીચલી ભૂમિકામાં વ્યાપાર કરવાનો સમ્યગ્દ્રષ્ટિને વિકલ્પ ઉઠયો. બહેન હોય સમ્યકદર્શન થયા પછી રોટલી કરવી છે એમ કહે, ભાષામાં એમ આવે રોટલી કરું છું. રોટલી કરું છું તે ભાષા છે. કરું છું તેવો તેનો અભિપ્રાય નથી. તેને માત્ર જાણે છે. કરવું તદ્દન નીકળી ગયું છે.

કરવું તે અજ્ઞાન છે. રાગ થવું તે અજ્ઞાન નથી. ગૃહસ્થીને રાગ થઈ આવે તે અજ્ઞાન નથી. પણ રાગ મારો અને હું તેનો કરનાર તે કર્તાબુદ્ધિએ સ્વામી થયો તે અજ્ઞાન થઈ ગયું. રાગની ઉત્પતિ તે અજ્ઞાન નથી. રાગને જાણવું તે અજ્ઞાન નથી. પણ રાગનું કરવું આ રાગનો સ્વામી સ્વ-સ્વામી સંબંધ કર્યો રાગ મારો છે, મારામાં થાય છે (તે માન્યતા ભૂલ ભરેલી છે). આહાહા! રાગ મારો સ્વ અને હું તેનો સ્વામી, એમ જેને સ્વ સ્વામી સંબંધ રાગની સાથે જોડ્યો તેને કર્તાબુદ્ધિ-અજ્ઞાની કહેવામાં આવે છે. હવે રાગ થયા પછી જેને જ્ઞાન પ્રગટ થયું છે, ગૃહસ્થ અવસ્થામાં રાગ થાય છે તેને જાણે છે પણ કરતો વેદતો નથી. આહાહા! તે અંદરની રમત જાણનારને જાણતા પર્યાયમાં પણ જાણવું પ્રગટ થયું. પર્યાયમાંથી કરવું નીકળી ગયું. પર્યાયમાંથી કેમ કરવું નીકળી ગયું? કે વસ્તુમાં કરવું નથી માટે નીકળી ગયું. વસ્તુ અકારક અને અવેદક છે તો વસ્તુની જે દ્રષ્ટિ થઈ, તેનું જે જ્ઞાન થયું તો જેવો સ્વભાવ છે તેવું જ્ઞાન જ્ઞાનમાં આવ્યું. તેવું જ્ઞાનમાં જ્ઞાન પણ પ્રગટ થયું. આહાહા!

જેમ પાણી શક્તિએ શીતળ છે અને પ્રગટ થાય તો પણ શીતળ જ પ્રગટ થાય. તેમ આત્મા જ્ઞાયક છે, જાણનાર છે તો તેનો અનુભવ થયો જ્ઞાયકનો કે હું જ્ઞાયક છું, જાણનાર છું તો જાણવારૂપે પરિણમે છે, હવે કરવારૂપે પરિણમતો નથી. આહાહા! ચોથા ગુણસ્થાનથી આત્મા જાણનાર બને છે, તે ઠેઠ સિદ્ધ અવસ્થા થાય ત્યાં સુધી જાણનાર રહે છે. વચમાં બિલકુલ હું કરનાર છું એવું શલ્ય આવતું નથી. મિથ્યાત્વનો દોષ લાગતો નથી. ચારિત્રનો દોષ હોય છે સાધકને, પણ તે દોષને જાણે છે. દોષને હું કરું છું તેમ તેને અભિપ્રાયમાં આવતું નથી. કેમકે ભેદજ્ઞાન થયું એકત્વ-વિભક્ત થઈ ગયું, આહાહા! આનંતગુણથી એકત્વ અને રાગાદિથી વિભક્ત, પર્યાયમાત્રથી વિભક્ત. પછી પર્યાયનું કરવું છે નહીં.

જાણે છે. હવે જાણે છે તો કોને જાણે છે? તે પ્રશ્ન હવે ઊભો થયો. અત્યાર સુધી તો આત્મા કરતો વેદતો ભોગવતો નથી તો શું કરે છે? કે કેવળ જાણે છે. હવે જાણે છે તો કોને જાણે છે? આત્માને જાણે છે એ તો આવી ગયું. આત્માને જાણે છે જાણનારને જાણ્યો ત્યારે તો શુદ્ધજ્ઞાન પરિણત સાધકજીવ થયો. હવે આત્માને તો જાણે છે પણ જે ક્રિયા થાય છે તેને કરે છે કે જાણે છે તે પ્રશ્ન ઊભો થયો. ત્રિકાળી દ્રવ્ય જ્ઞાયકને અકર્તાને તો જાણ્યો, દ્રષ્ટિમાં લીધો ને અનુભવમાં લીધો. એટલે જાણવારૂપે તો પરિણમ્યો. હવે જે ક્રિયાઓ થાય છે તે ક્રિયાને કરે છે કે ક્રિયાને જાણે છે? તે પ્રશ્ન આવ્યો. કે ક્રિયા તો થાય છે બંધ મોક્ષની. પર્યાયમાં ક્રિયા તો થાય છે. ક્રિયા વિના પર્યાય ન હોય અને દ્રવ્યમાં ક્રિયા થાય નહીં. દ્રવ્ય ક્રિયા વિનાનું હોય અને પર્યાય ક્રિયા સહિતની હોય. પર્યાયમાં ક્રિયા થાય છે. પરાશ્રયે રાગની ક્રિયા સ્વઆશ્રયે વીતરાગભાવની ક્રિયા. ક્રિયા તો થયા જ કરે છે પર્યાયમાં, સમયે સમયે.

હવે જે ક્રિયા થાય છે તે ક્રિયાનો જાણનાર છે કે ક્રિયાનો કરનાર છે? દ્રવ્યનો તો જાણનાર આપે કહ્યો પણ ક્રિયા તો થાય છે. તો તે ક્રિયાને આત્મા કરે છે કે આત્મા જાણે છે કે એનો કરનાર કોણ છે? તેનો કરનાર જાણનાર છે? જાણતા કર્તાપણું આવે છે કે જાણતા જાણવાપણું રહે છે અને ક્રિયા ભિન્ન થયા કરે છે? શું છે આ રમત? સમજાણું? જાણનાર થયો, ક્રિયા તો મટતી નથી. રોટલી કરવાની ક્રિયા તો થઈ. હેં! ક્રિયા તો મટતી નથી. રોટલીની ક્રિયા તો થઈ પણ રોટલી કરવાનો રાગ પણ આવ્યો પાપનો. તો પાપનો જે રાગ આવ્યો તે પાપરાગ છે. તો સમ્યગ્દર્શન તો સ્ત્રીને થાય છે અને પુરુષને થાય છે. તો સ્ત્રીને સમ્યગ્દર્શન થયું અને રોટલી કરવાનો વિકલ્પ પણ ઉઠયો પાપનો, તો તે પાપની ક્રિયા તો પર્યાયમાં થાય છે.

કોઈ કહે પાપની ક્રિયા પર્યાયમાં પણ થતી નથી તો ભૂલ છે, તો એનું જ્ઞાન ખોટું છે. અને તે પાપની ક્રિયાને હું કરું છું તોપણ તે જ્ઞાન ખોટું. અને તે પાપની ક્રિયા સવિકલ્પદશામાં હું જાણતો નથી તોપણ જ્ઞાન ખોટું.

મુમુક્ષુઃ- ક્રિયા નહીં થાય તોપણ જ્ઞાન ખોટું, ક્રિયા મારામાં થાય તોપણ જ્ઞાન ખોટું, સવિકલ્પમાં ન જાણે તોપણ જ્ઞાન ખોટું.

ઉત્તરઃ- સવિકલ્પમાં ના જાણે, એમ કહયું ને? આહાહા! ત્યારે શું કરે છે જ્ઞાની? હવે જ્ઞાની થયા પછી શું કરે છે જ્ઞાની બંધ મોક્ષને કેવળ જાણે છે. કરતો નથી. એટલે ક્રિયા તો પર્યાયમાં થાય છે બંધ અને મોક્ષની. બંધ એટલે રાગ. રાગમાં અટકે એવો તો બંધ હવે થતો નથી. તે તો સમ્યગ્દ્રષ્ટિ થઈ

ગયો. રાગમાં એકતાબુદ્ધિનો બંધ નથી. અસ્થિરતાથી રાગ જેટલો થાય છે ચારિત્રના દોષમાં અને ચારિત્રનો બાધક થાય છે તેને બંધ તત્ત્વ કહેવામાં આવે છે. અને મોક્ષ એટલે પૂર્ણ વીતરાગદશા તેને મોક્ષ કહેવામાં આવે છે. પૂર્ણજ્ઞાન તેને મોક્ષ કહેવામાં આવે.

હવે તે રાગની ક્રિયા થાય છે બંધની અને મોક્ષની ક્રિયા થાય છે. હવે બંધનું કારણ પણ છે અને મોક્ષનું કારણ પણ છે. તે કર્મબંધ પણ થાય છે અને કર્મ છૂટે પણ છે અને સંવર નિર્જરા પણ થાય છે. તે બધા પરિણામો જે થાય છે તેને **શું કરે છે?** કે ક્રિયાને, ક્રિયાને **જાણે છે**. ક્રિયાનો કરનાર નથી. **જાણે છે**. તો **કોને?** તે પ્રશ્ન આવ્યો. **બંધ-મોક્ષને**. પોતાના આત્માને તો જાણે છે. જ્ઞાની પોતાના ત્રિકાળીદ્રવ્યને તો જાણે છે. પણ બંધ-મોક્ષને પણ જાણે છે. શામાટે જાણે છે કહ્યું? કે કરતો નથી માટે તેને જાણે છે પણ કરતો નથી. હવે કહે છે કે **માત્ર બંધ-મોક્ષને** જ જાણે છે એટલું જ **નહીં**. પણ **શુભ-અશુભરૂપ કર્મોદયને તથા સવિપાક-અવિપાકરૂપે ને સકામ-આકામરૂપે બે પ્રકારની નિર્જરાને પણ જાણે છે.** આહાહા!

શુભાશુભભાવ ઉદયભાવને પણ જાણે છે અને નિર્જરાને પણ જાણે છે. બંધને જાણે, મોક્ષને જાણે, શુભાશુભભાવને જાણે, કર્મના ઉદયને પણ જાણે અને સવિપાક-અવિપાકરૂપે બે પ્રકારની નિર્જરા એને પણ જાણે. સવિપાક અને અવિપાક કર્મ પરીપક્વ થઈને ખરી જાય તેને સવિપાક કહેવામાં આવે છે. જડકર્મની વાત છે. અવિપાક એટલે કે તપ કરીને કર્મ ખરી જાય તેને અવિપાક કહે. સકામ-અકામ તે ઉપાદાનની વાત છે, સવિપાક-અવિપાક નિમિત્તની વાત છે. સવિપાક-અવિપાક નિમિત્તમાં જાય છે જડકર્મ. અને સકામ અને અકામ (ઉપાદાનની વાત છે). તે અકામ નિર્જરા તો અજ્ઞાનીને પણ થાય અને જ્ઞાનીને પણ થાય છે. કોઈ પ્રતિકૂળ સંયોગ આવે ત્યારે સમતા રાખે તેને અકામ નિર્જરા કહેવામાં આવે અને પુરુષાર્થપૂર્વક ભાવકર્મ અને દ્રવ્યકર્મ ખરે તેને સકામ નિર્જરા કહેવામાં આવે છે.

તેમ નિર્જરાના ચાર પ્રકાર કહ્યા. બે નિમિત્તના અને બે ઉપાદાનના. તે બે પ્રકારની નિર્જરાને પણ જાણે છે. શુભભાવ થાય તેને પણ જાણે, અશુભભાવ થાય તેને પણ જાણે. જુઓ શુભાશુભ બે લીધા. ચોથા ગુણસ્થાનથી શરૂ થાય. શુભ પણ છે અને અશુભ પણ છે. તે કર્મોદય. તે ભાવકર્મનો ઉદય, તેને ભાવકર્મને પણ ઉદય કહેવાય અને દ્રવ્યકર્મ ઉદયરૂપે નિમિત્ત છે. એમ. તેને જાણે છે. એટલે આખા નિમિત્ત-નૈમિત્તિકસંબંધને જાણે છે. અને સવિપાક અવિપાક જડકર્મ તેને પણ જાણે છે અને ઉપાદાનમાં જે શુદ્ધિની વૃદ્ધિ થાય છે તેને પણ માત્ર જાણે છે. બે પ્રકારની નિર્જરાને પણ જાણે છે. જાણવારૂપે પરિણમે છે પણ કરવારૂપે પરિણમતો નથી. જાણવારૂપે પરિણમે તે સાધક છે, સમ્યગ્જ્ઞાની છે અને કરવારૂપે પરિણમે કે હું કરું છું, મિથ્યાબુદ્ધિ મિથ્યાદ્રષ્ટિ છે, અજ્ઞાની છે. આહાહા!

આ ચક્ષુનું દ્રષ્ટાંત બહુ સારું છે, જીતુભાઈ! કેટલી ઉંમર તમારી થઈ? લગભગ ૩૫-૪૦ હશે? (મુમુક્ષુ:- ૪૦) ૪૦ વર્ષની ઉંમરમાં તમારે ચક્ષુ છે બે આંખ. બે આંખમાંથી કયું કામ કર્યું તમે? ચક્ષુએ શું કામ કર્યું? કાંઈ નહીં. કોઈપણ પ્રકારનું હેરવવું ફેરવવું? નહીં. આ તમે ચેકમાં સહી કરો તે આંખે કરી કે આંખે તેને જાણ્યું? (મુમુક્ષુ:- જાણ્યું.) કેવળ દેખે જ છે. ક્યાંય ક્રિયા આંખમાં આ ક્રિયા કરે જ નહીં. દૂર રહીને દેખે. આહાહા! આમ ચોપડાના પાના ફેરવે તો આંખ દેખે કે ચોપડાને પણ ફેરવે

આમ? આંખ કેવળ દેખે. તેમ તમારો આત્મા જ્ઞાનમય છે કેવળ દેખનાર જાણનાર, બસ. જો તમે એટલું શીખી લ્યો કે હું કેવળ - માત્ર જ્ઞાતા છું, કરનાર નથી. તો અલ્પકાળમાં મુક્તિ થઈ જશે. આ ધર્મનો મર્મ છે. ધર્મનો મર્મ છે કે આત્મા જ્ઞાતા છે અને કર્તા નથી. આત્મા જાણનાર છે ને કરનાર નથી. ધર્મનો મર્મ આ છે. આહાહા!

ચક્ષુનું દ્રષ્ટાંત બહુ સારું છે. તમે બેય ભાગ્યશાળી કે આજથી જ અમારે આ શરૂ કરવાનું કાલ નક્કી કર્યું હતું. કે આ અમારે લેવું છે. તમે બેય બરાબર ટાઈમે મોકાસર આવી ગયા. ચક્ષુ જેમ દેખનાર છે તેમ મારો આત્મા જાણનાર દેખનાર છે. તો આ હલતા હાથને હું હલાવું છું, ખોટી વાત છે. હલતા હાથને કેવળ ચક્ષુ જાણે. ચક્ષુ હલાવે નહીં. ચક્ષુ ભલે ન હલાવે પણ આત્મા તો હલાવે કે નહીં?

મુમુક્ષુ:- ચક્ષુ હલાવતી નથી તો આત્મા તો ક્યાંથી હલાવે?

ઉત્તર:- પણ આત્મા દેહમાં છે ત્યાં સુધી તો હલાવે, મળદુ થાય તો નો હલાવે. ચક્ષુ શરીરમાં છે તોય પણ કામ કરતું નથી તેમ આત્મા શરીરમાં રહેવા છતાં કામ કરતો નથી. કેવળ જાણનાર છે. દ્રષ્ટાંત બહુ સરસ છે, હોં! અનુભવસિદ્ધ, કોઈ શાસ્ત્ર વાંચવાની જરૂર નહીં કે ભલા હું કર્તા છું કે અકર્તા? આંખ મારી કર્તા કે દેખનાર? કે કેવળ દેખનાર. કેવળ દેખનાર છે તો આત્મા પણ કેવળ જાણનાર છે. બસ. કામ થઈ જાય. ધર્મનો મર્મ એટલો છે. આહાહા!

હું જાણનાર છું કરનાર નથી. આહા! દિવસમાં દસ વખત હું જાણનાર છું અને કરનાર નથી. જેમ નમોકારમંત્ર છે તેમ આ ભેદજ્ઞાનનો મંત્ર છે. જાણનાર છું પણ કરનાર નથી. આહાહા! દુકાનમાં બેઠા હો, ઘણા કાર્ય તો થાય કરે. હાથ પગ પણ હાલે. હાથ પગને હલાવતો નથી. આહાહા! જાણનાર જાણનાર જાણનાર, આહાહા! હું જાણનાર છું તે પક્ષમાં આવશે ને તો સાક્ષાત તે જ્ઞાતા થઈ જાશે. પહેલા પક્ષમાં આવે ને? કે હું તો જાણનાર છું કરનાર નથી. આહાહા! અરે જાણનારના પક્ષમાં આવે તોપણ શાંતિ થઈ જાય. કાંઈ એવું કાર્ય બની ગયું, કાંઈ નુકસાની ગઈ, કાંઈ પાર્ટી ફરી ગઈ, કોઈ માલ બગડી ગયો, કોઈ માલ ચોરાઇ ગયો, હું તો જાણનાર છું. આહાહા! ખુરશી ઉપર બેઠા બેઠા મોજ કરે. કે પણ તમને આટલું બધુ નુકસાન થયું ને તમારા ચહેરા ઉપર કાંઈ ફેર લાગતો નથી. હું તો જાણનાર છું. માલ પણ મારો નહોતો. આહાહા!

મારુ તો જ્ઞાન છે. (મુમુક્ષુ:-હોય તેનું જાય) હોય તેનું જાય, મારું કયાં છે કાંઈ. આવે અને જાય તેને હું જાણું. હું સાક્ષી છું. મહેમાન આવે અને મહેમાન જાય તેને જાણું દેખું બસ. બીજું કાંઈ મારું કામ નથી. આવો ધર્મ સરસ છે. આહાહા! ધર્મ સહેલો છે પણ અજ્ઞાનીઓએ અઘરો કરી નાખ્યો છે. વિપરીત કરી નાખ્યો છે. અજ્ઞાનીઓએ ધર્મનું સ્વરૂપ વિકૃત કરી નાખ્યું છે. આમ કરો તો ધર્મ થાય, આમ કરો તો ધર્મ થાય, જાણવું ચાલ્યું ગયું. આત્મા જાણનાર છે તે ચાલ્યું ગયું, ગુમ થઈ ગયું.

આ તો ગુરુદેવના પ્રતાપે પાછું બહાર આવ્યું. પ્રતાપી પુરુષ પાક્યો એક. આહા! મહાવિદેહક્ષેત્રમાંથી આવ્યો. ફતેહકુમાર તરીકે ત્યાં હતા. આહાહા! સમવસરણમાં હાથી ઉપર જાતાં હતા. આહાહા! મોટા રાજાના પુત્ર હતા. વૈભવશાળી. મોટા મોટા બંગલાઓ ઊંચા ઊંચા. ઊંચા ઊંચા બંગલાઓ. ત્યાં તો માણસનું કદ પણ મોટુંને, ઊંચાઈ બહુ મોટી. આયુષ્ય બહુ મોટા. હજારો વર્ષનું

આયુષ્ય. આ તો મચ્છર જેટલું આયુષ્ય છે. અત્યારે તો કાંઈ નહીં. કાંઈ નથી આયુષ્ય તે અપેક્ષાએ. હું જાણનાર છું, એક પકડી લ્યો બીજું કાંઈ નહીં. મને બીજું કાંઈ આવડતું નથી હું તો જાણનાર છું. આહાહા! બીજું પંડિતોને પૂછો મને કાંઈ ખબર નથી. હું તો જાણનાર છું. બસ. અમારે પ્રેમચંદજી આવે છે દિલ્હીથી તે કાગળમાં પણ લખે છે, અને રૂબરૂ પણ, હું તો જ્ઞાનમય છું, હું તો જ્ઞાનમય છું, હું તો જ્ઞાનમય છું. બે ચાર વાર બોલે.

હું તો જાણનાર છું. કેટલી શાંતિ થઈ જાય. અપેક્ષાએ પણ શાંતિ થઈ જાય. કાંઈ એવું બનાવ બને હું તો જાણનાર છું. આહાહા! છોકરાવ કજિયા કરતાં હોય બાળકો, હું તો જાણનાર છું.

મુમુક્ષુઃ- એટલે કે હું તો જુદો છું.

ઉત્તરઃ- હું તો જુદો છું એનાથી. તે ક્રિયાને હું કરૂં છું કયાં? હું તો જાણનાર છું. પાસ થઈને આવ્યો હું તો જાણનાર છું. નાપાસ થઈને આવ્યો બાળક, હું તો જાણનાર છું. દુઃખ ન થાય. જાણવાને જો તમે પકડી રાખો તો તમને આકુળતા ભલે થાય પણ થોડી થાય. માત્રા ઘટી જાય. માત્રા ઘટી જાય. જો જાણવાના પક્ષમાં દુઃખની માત્રા ઘટે તો અનુભવમાં શું થાય? દુઃખ જાય. તે ત્રિરાશી છે. જાણવાના વિચારમાં દુખ ઘટી જાય. તો જાણવાના અનુભવમાં તો દુખ આવે જ નહીં. આનંદનો અનુભવ થાય. જાણે છે જ્ઞાની જાણે છે. કોને? બંધ મોક્ષને. માત્ર બંધ મોક્ષને જ નહીં. પણ શુભ અશુભભાવ, કર્મનો ઉદય આખો નિમિત્ત નૈમિત્તિક સંબંધ તેનો જાણનાર. આખું જ્ઞાનનું જ્ઞેય થઈ ગયું. જ્ઞાનનું જ્ઞેય થઈ ગયું. કર્મ ઉદય અને શુભાશુભભાવ જ્ઞાનનું જ્ઞેય. જ્ઞાનમાં જાણે છે અને ઓલું જણાય છે. આ જાણે છે અને પરિણામ જણાય છે.

તેમ સવિપાક અવિપાક કર્મની, તે પણ જ્ઞાનમાં જણાય છે. જાણે છે કરતો નથી. અને સકામ અકામ શુદ્ધિની વૃદ્ધિ થઈ, વીતરાગભાવ થયો અને વીતરાગભાવ વધ્યો, આહાહા! વીતરાગતા વીતરાગભાવને હું કરતો નથી અને વેદતો નથી. આહાહા! રાગને તો કરતો વેદતો નથી સાધક આત્મા, પણ વીતરાગભાવ પ્રગટ થયો આત્માને આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ નિશ્ચયરત્નત્રયના પરિણામને કરતો નથી અને વેદતો નથી. વ્યવહારરત્નત્રયના પરિણામને કરતો નથી ને વેદતો નથી. આહાહા! કેવળ જુદો રહીને જાણે છે. તે પર્યાયમાં જાતો જ નથી ને કરે ક્યાંથી? આહાહા!

પર્યાયનું કરવું કેમ નથી કે 'તદરૂપો ન ભવતિ' તે રૂપે આત્મા થતો નથી. જેમ એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કર્તા નથી તેમ દ્રવ્ય સ્વભાવ વિશેષનો કર્તા નથી. વિશેષનો જાણનાર છે પણ કરનાર નથી. આહાહા! હજી એનો વિસ્તાર પછી આવશે ગુરુદેવના વ્યાખ્યાનમાં, આતો આપણે ટુંકાણમાં લઈએ છીએ, પછી મુખ્ય મુખ્ય લઇ લેશું.

**સર્વવિશુદ્ધ-પારિણામીક-પરમભાવગ્રાહક શુદ્ધ-ઉપાદાનભૂત શુદ્ધ-દ્રવ્યાર્થિકનયે જીવ કર્તૃત્વ-ભોકતૃત્વથી તથા બંધ-મોક્ષના કારણ ને પરિણામથી શૂન્ય છે.** જુઓ! શું કહ્યું? કે **સર્વવિશુદ્ધ**, એટલે સર્વ પ્રકારે વિશુદ્ધ શુદ્ધ, શુદ્ધ ને શુદ્ધ બેહદ શુદ્ધ, અનાદિઅનંત શુદ્ધ. **પારિણામીક** એટલે વસ્તુનો મૂળ સ્વભાવ ચેતન ચેતન ચેતન ચેતન તે તેનો મૂળ સ્વભાવ. **પરમભાવગ્રાહક** એવા શુદ્ધાત્મા

પરમપારિણામીકભાવ તેનો ગ્રહણ કરનાર એટલે તેનો જાણનાર અનુભવનાર **શુદ્ધ-ઉપાદાનભૂત શુદ્ધ-દ્રવ્યાર્થિકનય.** શુદ્ધ દ્રવ્યાર્થિકનય કેવી છે કે શુદ્ધ ઉપાદાનભૂત છે. શુદ્ધ ઉપાદાન એટલે ક્ષણિકશુદ્ધઉપાદાનભૂત છે. કોણ? શુદ્ધ દ્રવ્યાર્થિકનય. અને તેનો વિષય શું છે? સર્વવિશુદ્ધ પારિણામીક પરમભાવને ગ્રહણ કરવું ને જાણવું. આ જણાય છે અને આ જાણે છે. જાણે છે કોણ? શુદ્ધઉપાદાનભૂત શુદ્ધદ્રવ્યાર્થિકનય, જાણે છે કોને? સર્વવિશુદ્ધ પારિણામીક પરમ ભાવને ગ્રહણ કરે છે એટલે જાણે છે.

એવો જે જીવ, આત્માને જાણનારો જે જીવ, આહાહા! તે **કર્તૃત્વ-ભોકતૃત્વથી તથા બંધ-મોક્ષના કારણ**, બંધનું કારણ અને મોક્ષનું કારણ અને તેના **પરિણામ**, બંધના પરિણામ અને મોક્ષના પરિણામ તેનાથી **શૂન્ય છે**, રહિત છે. ફરીથી. શું કહ્યું? કે જે કોઈ આત્મા પોતાને અંતરસન્મુખ થઈને પરમભાવને ગ્રહણ કરનારી, શુદ્ધ આત્માને ગ્રહણ કરનારી, જાણનારી અનુભવનારી તે જ્ઞાનની પર્યાય પ્રગટ થઈ. તે જ્ઞાનની પર્યાયે જીવને કેવો જાણ્યો? તે શુદ્ધ જ્ઞાને જીવ કેવો છે, (જીવને) કેવો જાણ્યો? આહાહા! જ્ઞાન જીવની સન્મુખ થઈને જીવના સ્વરૂપને જાણે છે. જ્ઞાન જે બહિર્મુખ જાતું હતું. આમ જાણવા જાતું હતું તેની બદલે પાછું વળ્યું. તે જ્ઞાન અંતર માં આવ્યું. અંતરમાં આવ્યું તે જ્ઞાન ક્ષણિક ઉપાદાન છે, ક્ષણિકશુદ્ધઉપાદાન. તે શુદ્ધ જ્ઞાન તે શુદ્ધદ્રવ્યાર્થિકનય એટલે દ્રવ્યસ્વભાવને જેનું પ્રયોજન માત્ર દ્રવ્યસ્વભાવને જાણવાનું છે. એવા જ્ઞાનના વ્યાપારને જ્ઞાનના અંશને શુદ્ધઉપાદાનભૂત શુદ્ધદ્રવ્યાર્થિકનય કહેવામાં આવે છે.

અને એણે કોને જાણ્યું? કે આત્માને જાણ્યું. તે આત્મા કેવો છે? કે સર્વવિશુદ્ધ પારિણામીક પરમભાવ જેનો સ્વભાવ છે. તેવો આત્મા. એને જ્ઞાને જાણ્યો. હવે જ્ઞાને આત્માને જાણ્યો તો આત્મા કેવો છે એમ જાણ્યો? આત્મા કરનાર છે એમ જાણ્યો કે આત્મા જાણનાર છે એમ જાણ્યો? આહાહા! જ્ઞાને આત્માને કેવો જાણ્યો? આહાહા! કે જ્ઞાને આત્માને એવો જાણ્યો કે આત્મા કરનાર નથી પણ માત્ર જાણનાર છે. વેદનાર નથી માત્ર જાણનાર છે.

હવે તે જીવ કેવો જાણ્યો કે કર્તા ભોક્તાથી રહિત છે, શૂન્ય છે. તેમાં કર્તાપણું અને ભોક્તાપણું જીવમાં નથી એમ જ્ઞાને જીવને જાણી લીધો. જ્ઞાને જીવને આત્માને એવો જાણ્યો કે કર્તાપણું અને ભોક્તાપણાથી આત્મા શૂન્ય છે. એક. બંધથી શૂન્ય અને મોક્ષથી પણ (શૂન્ય) બંધના પરિણામ અને મોક્ષના પરિણામથી પણ શૂન્ય છે. અને બંધનું કારણ જે રાગ તેનાથી પણ શૂન્ય અને મોક્ષનું કારણ સંવર, નિર્જરાથી પણ શૂન્ય છે. આહાહા! કર્તા ભોક્તાથી શૂન્ય, બંધના કારણથી શૂન્ય, મોક્ષના કારણથી શૂન્ય, બંધથી શૂન્ય અને મોક્ષથી શૂન્ય. પરિણામ અને પરિણામના કારણથી શૂન્ય આત્મા છે, રહિત.

તેવો અંતર્મુખ થઈને જ્ઞાને જ્ઞાયકને જાણ્યો, જાણનારને જાણ્યો, ત્યારે જાણનાર કેવો છે કે અકર્તા અને અભોક્તા છે. તેમાં કરવું અને વેદવું નથી. આહાહા! રહિત છે તેમ જાણ્યું. કર્તા-ભોક્તાથી રહિત અને બંધ મોક્ષથી પણ રહિત અને બંધના કારણ અને મોક્ષના કારણથી પણ રહિત શૂન્ય છે. એમ જ્ઞાને અનુભવના કાળમાં આત્માને આવો જાણ્યો. જે મારાથી રહિત છે તેનું કરવું અને ભોગવવું કેમ

હોય શકે? જે જેનાથી ભિન્ન હોય તેને કરી શકે નહીં. જે જેનાથી ભિન્ન હોય એને જાણે. જાણે-મકાનને જાણે, ઘરને જાણે, આને જાણે, જાણે. ભિન્નને જાણે પણ ભિન્નનું કરવું નહીં.

તેમ પરિણામ પણ આત્માથી ભિન્ન છે. પરિણામ આત્માથી ભિન્ન છે તેથી પરિણામનું કરવું નથી પરિણામને જાણે છે, બસ. **એમ સમુદાયપાતનીકામાં કહેવામાં આવ્યું હતું. પછી ચાર ગાથા દ્વારા જીવનું અકર્તૃત્વગુણના વ્યાખ્યાનની મુખ્યતાથી સામાન્ય વિવરણ કરવામાં આવ્યું હતું. ત્યાર પછી ચાર ગાથા દ્વારા 'શુદ્ધને પણ જે પ્રકૃતિ (સાથે) બંધ થાય છે તે અજ્ઞાનનું માહાત્મ્ય છે' તેમ અજ્ઞાનનું સામર્થ્ય કહેવારૂપે વિશેષ વર્ણન કરવામાં આવ્યું. ત્યારપછી ચાર ગાથા દ્વારા જીવનું અભોકતૃત્વગુણના વ્યાખ્યાનની મુખ્યતાથી વ્યાખ્યાન કરવામાં આવ્યું. ત્યારપછી બે ગાથા કહેવામાં આવી. જેના દ્વારા પૂર્વે ૧૨ ગાથામાં શુદ્ધ નિશ્ચયથી કર્તૃત્વ-ભોકતૃત્વના અભાવરૂપ**, ઓમાં શૂન્ય આવ્યું હતું હવે આમાં અભાવ આવ્યું.

**શુદ્ધ નિશ્ચયથી** શુદ્ધનિશ્ચય કહો કે શુદ્ધદ્રવ્યાર્થિકનય કહો, એક જ છે. **શુદ્ધનિશ્ચયથી કર્તૃત્વ-ભોકતૃત્વના અભાવરૂપ** એક, **તથા બંધ-મોક્ષના કારણ ને પરિણામના અભાવરૂપ જે વ્યાખ્યાન કરવામાં આવ્યું હતું તેનો જ ઉપસંહાર કરવામાં આવ્યો.** આહા! આ બે ગાથામાં ઉપસંહાર છે. ૩૨૦ ગાથા જે છે ને, ૩૧૯ અને ૩૨૦ બે ગાથા છે. આ ૩૨૦ આપણે વાંચીએ છીએ. તેનો ઉપસંહાર એટલે ૧૨ ગાથામાં જે કહ્યું હતું તેનો સાર કહેવામાં આવે છે. **આ રીતે સમયસારની શુદ્ધ આત્માનુભૂતિ લક્ષણ 'તાત્પર્યવૃત્તિ' નામની ટીકામાં મોક્ષઅધિકાર સંબંધી ચૂલિકા સમાપ્ત થઈ.** એમ કે **અથવા બીજી રીતે વ્યાખ્યાન કર્તા, અહીં મોક્ષઅધિકાર સમાપ્ત થયો** છે.

છે તો આ સર્વવિશુદ્ધજ્ઞાનઅધિકારની ગાથા પણ આચાર્યભગવાન કહે છે ખરેખર ૩૨૦ ગાથામાં જ મોક્ષઅધિકાર અહિયાં સમાપ્ત થાય છે. મોક્ષઅધિકાર ૩૦૭ ગાથામાં જે પૂરો કર્યો ઓમાં, ૩૦૮ થી સર્વવિશુદ્ધજ્ઞાનઅધિકાર, શાસ્ત્ર ક્યાં આપણું શાસ્ત્ર લાવો. પાનામાં ફેર છે. બાઇંડિંગમાં ફેર થઈ ગયો છે. પણ જુઓ! અહિયાં ૩૦૭ પછી અહિયાં બાઇંડિંગમાં ફેર છે. બરાબર? બાઇંડિંગમાં ફેર છે. એટલે ખરેખર તો ૩૦૭ ગાથા સુધી મોક્ષઅધિકાર પૂરો થયો. પણ અહિયાં કહે છે કે ૩૦૭ ગાથા પછી ૩૦૮ થી ૩૨૦ ગાથામાં મોક્ષઅધિકારનું જ સ્વરૂપ છે, મોક્ષનું સ્વરૂપ જ. એટલે ખરેખર અહિયાં મોક્ષઅધિકાર પૂરો થયો તેમ કહેવામાં આવે છે. ચૂલિકા સંબંધી, ચૂલિકા સમાપ્ત થઈ. ચૂલિકા એટલે કહેવાણું એને વિશેષ કહેવામાં આવે તેનું નામ ચૂલિકા.

અથવા બીજી રીતે વિચાર કરતાં **અહીં મોક્ષઅધિકાર સમાપ્ત થયો.** નહિતર ૩૦૭ માં મોક્ષઅધિકાર સમાપ્ત થાય છે. પણ અહિયાં આચાર્યભગવાન કહે છે કે મોક્ષનું સ્વરૂપ ૩૨૦ ગાથા સુધી કહેવામાં આવ્યું છે. એમ. ૩૨૧ થી સર્વવિશુદ્ધજ્ઞાનઅધિકાર શરૂ થાય છે. એમ એનો અભિપ્રાય છે. ઠીક છે એ તો બેય સરખું છે તેમાં કાંઈ નથી. બાઇંડિંગમાં ફેર છે.

મુમુક્ષુઃ- આ પાના અહિયાં આવી ગયા છે.

ઉત્તરઃ- હા અહિયાં આવી ગયા છે. બાઇંડિંગમાં ફેર થઈ ગયો છે. બીજું કાંઈ નથી. મને એમ થયું કે આ શું થયું?

આહાહા! પરિણામમાત્રથી આત્મા ભિન્ન છે. તેથી પરિણામનો આત્મા કર્તા નથી પરિણામનો જાણનાર છે, જ્ઞાતા છે. કર્તા નથી માત્ર જ્ઞાતા છે. આ એક મહામંત્ર જો ખ્યાલમાં આવી જાય, પરિણામ પરિણામથી થાય છે. પરિણામ મારાથી થાતાં નથી. હું પરિણામને પલટાવું, આહાહા! પાપને હું છોડું અને પુણ્યને કરું એમ સ્વભાવમાં નથી. આહાહા! તો સામાન્યરીતે તો પાપ તો ત્યાગવા યોગ્ય છે, તો પાપ છોડવા યોગ્ય છે. ભાઈ પાપને છોડવા યોગ્ય છે તે વ્યવહારના કથન છે બધા. પાપના સમયે પાપ થાય છે પુણ્યના સમયે પુણ્ય થાય છે, ધર્મના સમયે ધર્મ થાય છે. તેનો સમય છે. પરિણામના ઉપજવાનો જે કાળ છે તે કાળે જ પાપ, પુણ્ય અને ધર્મ પ્રગટ થાય છે.

આત્મા કેવળ જાણનાર છે તે જાણવામાં આવી ગયો તો ધર્મ પ્રગટ થઈ જાય છે. જો જાણવામાં ન આવ્યો અને કરવામાં ગયો તો પાપ અને પુણ્યના ભાવ પ્રગટ થશે. પાપ ને પુણ્ય, ઘડિકમાં પાપ અને ઘડિકમાં પુણ્ય, બસ. સંસારમાં રખડશે. પુણ્ય અને પાપના પરિણામ થાય ત્યારે પણ કરનાર નથી. ખૂબી તો એ છે. તે ટળી જાય ત્યારે જ્ઞાતા છે એમ નહીં. થાય છે ત્યારે કરનાર નથી. થાય છે ત્યારે જાણનાર છે. જો જાણનાર તો સમ્યગ્જ્ઞાની અને હું કરનાર તો મિથ્યાજ્ઞાની, ખલાસ. હલતા હાથને હું હલાવું છું તો મિથ્યાદ્રષ્ટિ અજ્ઞાની. હલતા હાથને હું જાણું છું તો જ્ઞાની થઈ ગયો. હલતા હાથને જાણું છું, હલતા હાથને હલાવતો નથી.

મુમુક્ષુ:- પણ એવું જાણવામાં આવી ગયું પણ હાથ કેમ બંધ થતો નથી?

ઉત્તર:- હેં?

મુમુક્ષુ:- એવું જાણવામાં આવી ગયું જ્ઞાનીને કે હું જાણનાર છું હાથને હલાવતો નથી તો પછી હાથ પાછો હલ્યા કરે છે?

ઉત્તર:- હલ્યા કરે છે, એ જ ખૂબી છે કે કર્તા નથી. લે! એજ ખૂબી છે કે હું જાણનાર છું તો પણ હલ્યા કરે છે. તેનો અર્થ એમ થયો કે હાથનો હલાવનાર આત્મા નથી. આહાહા! હું જાણનાર છું તો હાથ હલતો બંધ થઈ જાવો જોય. એમ નો હોય. કેમકે તે હલાવતો પણ નથી અને બંધ પણ કરતો નથી. હલે તો હલે છે તેમ જાણે અને બંધ થાય તો બંધ થાય છે તેમ જાણે છે. બસ. પગ હાલે તો પણ હલાવતો નથી, જાણું છું. અને ઊભી ગયો તો હું જાણું છું. પગ ઊભી ગયો, મેં પગને ઊભો નથી રાખ્યો. આહાહા!

મુમુક્ષુ:- પગ ઊભી ગયો તેમ જાણે છે.

ઉત્તર:- હા પગ ઊભી ગયો તેમ જાણે છે અને પગ હાલે તો પગ હાલે છે હું નથી હાલતો. હું હાલતો પણ નથી અને હલાવતો પણ નથી. હું તો જાણનાર છું. આહાહા! અલૌકિક વાત છે.

મુમુક્ષુ:- રાગનો કર્તા પણ નથી અને રાગને છોડવાવાળો પણ નથી.

ઉત્તર:- છોડવાવાળો પણ નથી.

કે પાપનો ત્યાગ કરો ભાઈ પાપનો ત્યાગ કરો તો ધર્મ થશે. કોણ ત્યાગ કરે? પાપ છૂટી જાય, ન થાય તેને જાણે, થાય તેને જાણે. આવે તેને જાણે, જાય તેને જાણે. આહાહા! સાક્ષી છે આત્મા તો.

મુમુક્ષુ:- આવે સો આવનહારા જાવે સો જાવનહારા મે હું દેખનહારા.

ઉત્તર:- બસ, દ્રષ્ટિ પર્યાય ઉપરથી ખસી દ્રવ્ય ઉપર આવી જાય છે. જ્ઞાતા તો છે જ. જ્ઞાતાનો સ્વીકાર કરે તો જ્ઞાતા થાય છે. સ્વભાવથી જ્ઞાતા છે અને જ્ઞાતાને શ્રદ્ધા-જ્ઞાનમાં લ્યે તો જ્ઞાતા થઈ જાય છે. જ્ઞાયક તો છે, જાણનાર તો છે પણ માને છે કે હું કરનાર છું. તે બુદ્ધિ મિથ્યા થઈ ગઈ છે. અનંતકાળ ગયો એમ ને એમ. હવે આ કાળ પાક્યો છે હું જાણનાર છું બસ. કરનાર નથી. જીતુભાઈ! દસ વખત, દસ વખત બોલવાનું મનમાં. દિવસમાં. સો વખત બોલવાની છૂટ છે પણ દસ વખત તો ઓછામાં ઓછું. વધારે બોલવાની (છૂટ છે). મનમાં બોલવું. કોઈને ખબર પણ ના પડે. જાણનાર છું કરનાર નથી. જુઓ તો ખરા તે મંત્રનો ચમત્કાર! આહાહા! ચમત્કારીક મંત્ર છે.

કોઈ જ્ઞાનીઓ પાસે જાય, ખાનગીમાં એકાંતમાં દુખિયા હોય ને, કે સાહેબ! કાંઈક મંત્ર આપો. બહુ દુખી છું, આહા! દુખિયા તો ઘણા હોયને આખો સમાજ દુખિયો જ છે ને. શું? કોઈને આર્થિક સ્થિતિની મુશ્કેલી, કોઈને શરીર સંબંધે રોગ, કોઈને પુત્ર ન હોય, કોઈકના દીકરાઓ ન માનતા હોય, ઘણા દુખીના દાળીયા. જાય (જ્ઞાની પાસે) સાહેબ કંઈક મંત્ર આપો. ભલે. જુઓ! આ મંત્ર ખાનગી છે. કોઈને કહેશો નહીં, જો કહેશો તો તે મંત્રની સિદ્ધિ નહીં થાય. મંત્રનું ફળ નહીં આવે. કોઈને કહેતા નહીં. કોઈને નહીં કહું, બસ મંત્ર આપી દયો. ધ્યાન દઈને સાંભળજો કે ‘હું જાણનાર છું, હું કરનાર નથી’. બસ. ૧૦૮ વખત તમારે માળા ફેરવવી. રોજ એક માળા. ભલે સાહેબ! થોડાક દિવસ થયા ને આવ્યો, સાહેબ! શાંતિ લાગે છે, હોં! બસ તે મંત્રને પકડી રાખો, જાણનાર છું કરનાર નથી.

મુમુક્ષુ:- બેંગ્લોરમાં આપ પધાર્યાને ત્યારે આ મંત્ર આપ્યો હતો.

ઉત્તર:- (આ મંત્ર) આપ્યો હતો? કેટલા વર્ષ પહેલા? કેટલા વર્ષ પહેલા?

મુમુક્ષુ:- મંદિરનું ખાતમુહૂર્ત થયું ને ત્યારે.

ઉત્તર:- ખાતમુહૂર્ત થયું ત્યારે.

મુમુક્ષુ:- ગુરૂદેવ પધારેલા ત્યારે.

ઉત્તર:- આવ્યો હતો ત્યારે.

મુમુક્ષુ:- હા, ૭૩ મી ગાથા ચાલતી હતી, આ મંત્ર એકલો જો કોઈને કહીશ કે ‘હું જાણનાર છું હું કરનાર નથી’. કહેશે થઈ ગયા? ‘હું શુદ્ધ છું.’ થઈ ગયા?

ઉત્તર:- કોઈને કહીશ નહીં, ખાનગી રાખજે. તો તેને ઓલા શ્રદ્ધાથી ભ્રષ્ટ કરાવી દેશે. કે જ્ઞાતા છું અને કરનાર નથી, જાણનાર છું તો સમ્યગ્દ્રષ્ટિ થઈ ગયો? એમ કોઈક તેને કહેશે. એમ તેને કહે. તો તે તો બિચારો જવાબ ન આપી શકે કાંઈ. તેના કરતાં કોઈને કહેવું નહીં. મંત્ર છેને ગુપ્ત સાધના કરવી જોઈએ. તેની મંત્રની સાધના ગુપ્ત થાય. તો મંત્ર સાધ્યની સિદ્ધિ થાય મંત્રથી. જાણનાર છું કરનાર નથી. ખાનગીમાં બસ.

મુમુક્ષુ:- એક ભાઈને ત્રણ દિવસ પહેલા મંત્ર આપ્યો હતો. ત્રણ દિવસ પછી બોલ્યા કે બહુ શાંતિ લાગે છે. જુદો પડી જાવ છું એમ લાગે છે.

ઉત્તર:- હા શાંતિ લાગે, જુદો પડી ગયો. હા એક ભાઈ છે. નવા જ છે સાવ. કાપડિયા છે. હોલસેલના વ્યાપારી છે. સુખી માણસ છે. જાણનાર છું કરનાર નથી. ત્રણ દિવસ સાધના કરી ચોથે દિવસે આવ્યા મારી પાસે, આહાહા! મને તો બહુ શાંતિ લાગે છે.

મુમુક્ષુ:- આમાં તો આત્મા જુદો પડી ગયો.

ઉત્તર:- જુદો પડી ગયો આત્મા. જાણનાર જુદો અને જે જણાય છે તે જુદો. મમતા છૂટી ગઈ. હું તો જાણનાર છું. આહા! આ દીકરા દીકરી કોના છે? મારા નથી. હું તો તેનો જાણનાર. મારાપણું છૂટી ગયું કે નહીં? મમતા છૂટી જાય. હે? આ બાબો મારો છે? કે ના. હું તો જાણનાર છું, બાબો મારો નહીં. મારું તો જ્ઞાન. તમારું તો જ્ઞાન ને જ્ઞાનમાં તે જ્ઞેય જણાનાર. તમે જાણનાર અને તે જણાય. તમારા અને તેના વચ્ચે બીજો કાંઈ સંબંધ નથી. જ્ઞાતા જ્ઞેયનો વ્યવહાર છે. પણ હું તો જાણનાર અને તે જણાય. તે જુદો જીવ છે, હું જુદો જીવ છું બસ. કોનો પુત્ર અને કોના પિતા કાંઈ લેવા દેવા નથી.

આ મંત્ર અમદાવાદમાં આપ્યો. મને તો કાંઈ ખબર નહીં મંત્ર તો હું આપ્યા જ કરું. તો હમણાં અમદાવાદ હું ગયો. એક ભાઈ કહે કે રોજ પંચ પરમેષ્ઠીની હું માળા કરું છું, ત્રણ માળા. નમોકારમંત્ર અને ત્રણ માળા આ ગણું છું જાણનાર છું કરનાર નથી. માળા જ, હોં? ૧૦૮. મને કહે બહુ શાંતિ થાય છે. શાંતિ શાંતિ, બસ. જાણનાર છું કરનાર નથી. મારું કાંઈ નથી. મારો તો એક આત્મા સ્વભાવ જ્ઞાનમય છે. તો કરે શું? કે જાણે માત્ર. જેમ સિદ્ધભગવાન જાણનાર તેમ હું પણ જાણનાર છું બસ, કરનાર નથી. આહા! કરનારમાં મમતા છૂટી જાય અહંકાર છૂટી જાય, બધું છૂટી જાય. ક્રિયા થયા કરે. દુકાનમાં તમે જાવ અને ક્રિયા તો થયા કરે.

હવે જાણનાર તમે થાવ તો ક્રિયા તો બંધ નહી થાય. વ્યાપાર રોજગાર તો ચાલ્યા કરશે. અને જાણનાર છું તેમ નફો અંદરમાં થયા કરશે. બોલો! આ ડબ્બલ નફો થાય. ઓમા વ્યાપારમાં નફો થાય અને આમાં પણ અંદરમાં નફો થવા માંડે. ડબ્બલ ફાયદો છે આમાં. થઈ ગયો વખત લ્યો! ગાથા બહુ ઊંચી. ઘણી વાત આવી.

મુમુક્ષુ:- એકલો જાણનાર જ તરવરે.

ઉત્તર:- બસ બીજું કાંઈ નહીં. જાણનાર છું. મંગાભાઈ છે ઓલા અમદાવાદવાળા તેમણે મને એક વાત કરી. બધા બેઠા હતા અને ખૂલમ ખુલ્લા વાત કરી તેને. કે હું તો માળા ફેરવું છું.

સમાપ્ત.

ॐ